# વડોદરા મહાનગર પાલિકા

www.vmc.gov.in

## જાહેર નોટીસ

હું, ડો. વિનોદ રાવ (IAS) મ્યુનિસિપલ કમિશ્નર, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. અમોને ધ જી.પી.એમ.સી.એક્ટ ૧૯૪૯ હેઠળ પ્રાપ્ત થયેલ સત્તા અન્વયે આથી સબંધકર્તા સર્વેને આ જાહેર નોટીસ થી જણાવુ છુ કે,

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં શહેરના નાગરીકોના આરોગ્યની સુખાકારી તથા તંદુરસ્ત વાતાવરણ મળી રહે તેમજ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ અંતર્ગત તથા પ્લાસ્ટીક કચરાનું નિયંત્રણ કરવા સરકારશ્રીના સંપૂર્ણ સ્વચ્છ ભારતના અભિયાનને સાર્થક બનાવવાના હેતુસર વડોદરા શહેરમાં જાહેર રસ્તા, રહેણાંક વિસ્તારો, વાણિજ્ય એકમો તથા ખાણીપીણી/ ચા/કોફી/ કોલ્ડ્રીંક્સ વગેરેની લારીઓ/દુકાનો તથા અન્ય એકમો વિગેરે દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા નિયત સ્ટાન્ડર્ડ મુજબના ન હોય તેવા હલકી ગુણવત્તાના પાતળા પ્લાસ્ટીક કપ તથા પાતળા પ્લાસ્ટીક થેલીઓ, પાન/મસાલાના પેકીંગ માટે વપરાશમાં લેવામાં આવતા પાતળા પ્લાસ્ટીકના રેપર્સ જોખમકારક હોઇ, તેમજ આ હલકી ગુણવત્તાના પાતળા પ્લાસ્ટીક કપ, પ્લાસ્ટીકના તમામ પ્રકારના પાઉચ (પાણીનાં પાઉચ સહિત), પ્લાસ્ટીકની થેલીઓ, પાન/મસાલાના પ્લાસ્ટીકના પેકીંગ વેસ્ટેજનો યોગ્ય નિકાલ ન થવાથી વરસાદી ગટરોની કેચપીટોમાં એકત્રીત થવાને લીધે પાણીનુ યોગ્ય વહન ન થવાને લીધે પાણીનો ભરાવો થાય છે તેમજ વરસાદી ગટરો તેમજ ડ્રેનેજની સુઅર લાઇન પણ ચોક અપ થાય છે. જેથી પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ માં જણાવેલી જોગવાઇ વિરુધ્ધની પાતળા પ્લાસ્ટીક કપ, પ્લાસ્ટીકના તમામ પ્રકારના પાઉચ (પાણીનાં પાઉચ સહિત), પ્લાસ્ટીકની થેલીઓ, પાન/મસાલાના પ્લાસ્ટીકના પેકીંગ ઉત્પાદન, સંગ્રહ, વાપરવા તથા વેચાણ પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેર નોટીસનું ઉલ્લંઘન કરનાર સામે ધ જી.પી.એમ.સી. એક્ટ,૧૯૪૯ ની કલમ ૩૭૬/A હેઠળ તેમજ અન્ય જોગવાઇ હેઠળ પગલા લેવામાં આવશે અને જરૂરી જણાયે CRPC ની કલમ-૧૩૩ હેઠલ જાહેર ન્યુસન્સ ઉભું કરવા માટે જરૂરી ફોજદારી કાર્યવાહી માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ડૉ. વિનોદ રાવ ( **I.A.S.** )

પી.આર.ઓ.નં.૧૯૩/૧૮-૧૯ મ્યુનિસિપલ કમિશનર